## કવિઓએ નરસિંહ મહેતાનાં ભજનો, રચના અને કવિતાનું સ્મરણ કર્યું

# સંત સાહિત્ય ઉત્સવ નરસિંહ મહેતા કાર્યક્રમમાં કવિઓનો જમાવડો

## જ્ઞાનોત્સવ 》 આજે નરસિંહ મહેતા મધ્યકાલિન અને પશ્ચિમ ભારતીય સાહિત્ય સત્ર યોજાશે

| જૂનાગઢ |

ભવનાથ તળેટીમાં સાહિત્ય એકાદમી અને રૂપાયતન જૂનાગઢ દ્વારા ભવનાથમાં આજે રૂપાયતન ખાતે સંત સાહિત્ય ઉત્સવ નરસિંહ મહેતાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસિય કાર્યક્રમમાં ચાર સત્રોમાં યોજાયો હતો. જેનાં પ્રથમ દિવસે સવારે ૧૦.૩૦ કલાકે સાહિત્ય એકાદમિનાં પ્રભારી ઓમ પ્રકાશ નાગરે કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. આ કાર્યક્રમમાં વિવિધ કવિઓ, સાહિત્યકારો તેમજ સાહિત્ય પ્રત્યે રૂચી ધરાવતા લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

પ્રારંભિક વકતવ્ય આપી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાતી સાહિત્યકાર બળવંત જાની અને અધ્યક્ષ નામદેવ તારાચંદાણી દ્વારા બીજ ભાષણ આપ્યું હતું. જેમાં



પ્રથમ સત્રમાં નાથાલાલ ગોહિલ, મનોજ રાવલ અને રમેશ મહેતાએ નરસિંહ મહેતાને વાગોળી તેમની ભક્તિ શકિતનું રસપાન કરાવ્યું હતું. જ્યારે બિજા સત્રમાં ડો. નિરંજન રાજ્યગુરૂ, આશા ગોહિલ અને વિનોદ જોષી ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં ડો. નિરંજન રાજ્યગુરૂએ નરસિંહ મહેતાની કવિતાઓ વાગોળી હતી દરમ્યાન ઉપસ્થિત સૌકોઈ સ્રોતાગણ કવિતા સાંભળી મંત્રમૃગ્ધ થઈ ગયાં હતાં. સાથોસાથ આશા ગોહિલ દ્વારા નરસિંહ મહેતાની કૃષ્ણભકિતની કવિતાં સંભળાવી હતી. તેમજ નરસિંહ મહેતા અને કૃષ્ણ વચ્ચેનો અતુટ પ્રેમ વિશે વિસ્તૃત માહિત આપી હતી.

### નરસિંહ મહેતાનું કર્તુત્વ એમનું જ છે : બળવંત જાની

બળવત જાનીએ જણાવ્યું હતું કે, નરસિંહ મહેતાની જે પણ રચનાઓ છે તે માત્ર નરસિંહ મહેતાની જ છે, જેનું કર્તુત્વ એમનું જ છુે અલબત થોડી રચનાઓ એવી છે, જે કંઠસ્થ પરમ પરામાં, જ્યારે થોડી રચનાંઓ હસ્તપ્રથમાં મળે છે અને કેટલીક રચનાંઓ હસ્તપ્રથમાં પ્રાપ્ત નથી પણ એનો અર્થ એ નથી કે એનું કર્તુત્વ નરસિંહનું ન હોય.

### કવિતાઓ રજૂ કરતાં લોકો થયાં મંત્રમૂગ્ધ

કાર્યક્રમમાં ડો. નિરંજન રાજ્યગુરૂ દ્વારા ભૂતલ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નહિ રે, પૂણ્ય કરી અમરાપૂરી પામ્યાં, અંતે ચોરાશી માહી રે, હરિ ના જન તો મુક્તિ માંગે, માંગે જમન-જનમ અવતાર રે, નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છાવ, નિરખવા નંદ કુમાર રે, કવિતા રજૂ કરતાં લોકો મંત્રમૂગ્ધ થયાં હતા.